SURAT MUNICIPAL CORPORATION

એક કદમ સ્વચ્છતા કી ઓર

FIT INDIA

SWACHH SURVEKSHAN 2021

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

## સંમતિપત્ર

નં.સા.વે.ઝોન(અઠવા)/આ.૨૨૦૦
તારીખ: ૨૨/૫/૨૫

પ્રતિ,

.......................................

.......................................

વિષય : સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં મુખ્ય રસ્તા તેમજ આંતરીક રસ્તાઓ પર આવેલ ભયજનક/જોખમી વૃક્ષોનું હેવી ટ્રીમીંગ કરવાનું કામ.

સંદર્ભ :– (૧) ઓનલાઈન ટેન્ડર નોટીસ નં.એડી. સીટી ઈજનેર/પીપીજી/૧૧/૨૦૨૪–૨૪(૩૪).
(૨) મા.મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરી તા.૦૨/૦૭/૨૦૨૪.
(૩) ડે.કમિશ્નરશ્રીની તા....૭/૫/૨૫...ના રોજની મંજુરી.

મહાશય,

સુ.મ.પા.ના શહેર હદ વિસ્તારમાં આવેલ સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં મુખ્ય રસ્તા તેમજ આંતરીક રસ્તાઓ પર આવેલ ભયજનક/જોખમી વૃક્ષોનું હેવી ટ્રીમીંગ કામે ઉકત સંદર્ભ (૨) મુજબ મા.મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરી તા.૦૨/૦૭/૨૦૨૪ થી મંજુર થયેલ ભાવથી રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૩) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા..૨૯/૫/૨૫... સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

### –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૧,૦૦,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૭. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.

૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

(સહી) ૨૧/૫/૨૫

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન
સુરત મહાનગરપાલિકા

Scanned with OKEN Scanner